**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________

   (Name) ____________________

2. (Signature) ____________________

   (Name) ____________________

**OMR Sheet No. :** ................................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ____________________

(In words)

**Test Booklet No.**

**J – 3709**

**PAPER – II**

# GUJARATI

**Time : 1¼ hours]** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **16** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered in the OMR Sheet and the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) (B) ● (D)

   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the Answer Sheet given **inside the Paper I booklet only**. If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet and OMR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is NO negative marking.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका की क्रम संख्या OMR पत्रक पर अंकित करें और OMR पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं। आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** (A) (B) ● (D)

   जबकि (C) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये** उत्तर-पत्रक पर ही अंकित करने हैं। यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते है, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे।
9. आपको परीक्षा समाप्त होने पर प्रश्न-पुस्तिका एवं OMR उत्तर-पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें।
10. **केवल नीले/काले बाल प्वाईंट पैन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक ( कैलकुलेटर ) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तर के लिए अंक नहीं काटे जायेंगे।**

# ગુજરાતી

## પ્રશ્નપત્ર – II

# GUJARATI

## PAPER – II

**Note :** This paper contains **fifty** (50) multiple-choice questions, each question carrying **two** (2) marks. Mark the correct response in the answer-sheet. All questions are **compulsory**.

**સૂચના :** **આ પ્રશ્નપત્રમાં પચાસ (50) વૈકલ્પિક પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના બે (2) ગુણ છે. ઉત્તરવહીમાં સાચા ઉત્તર માટે નિશાની કરો. તમામ પ્રશ્નો ફરજિયાત છે.**

**1.** 'સંદેશક રાસ'ના કર્તા કોણ છે?

(A) અસાઈત ઠાકર

(B) અબ્દુર્ રહેમાન

(C) શ્રીધર વ્યાસ

(D) ભીમ

**2.** 'રણયજ્ઞ'નો સાહિત્યપ્રકાર ક્યો છે?

(A) પ્રબંધ

(B) પદ્યવાર્તા

(C) આખ્યાન

(D) પવાડું

**3.** મોરાર ક્યા સંપ્રદાયના કવિ છે?

(A) સ્વામિનારાયણ

(B) વલ્લભ

(C) રામાનંદ

(D) કબીર

**4.** 'ખખડ થતી ને ખાડેગાતી જતી ડમણી જૂની' પંક્તિનો છંદ ઓળખાવો?

(A) હરિણી

(B) પૃથ્વી

(C) શિખરિણી

(D) મંદાક્રાન્તા

5. કવિ કાન્ત કૃત 'રોમન સ્વરાજ્ય' ક્યા સ્વરૂપની કૃતિ છે?

(A) ખંડકાવ્ય

(B) નાટક

(C) ઈતિહાસ

(D) નવલકથા

6. સુરેશ જોષી ક્યા સામયિક સાથે સંકળાયેલા હતા?

(A) સંસ્કૃતિ

(B) ઊહાપોહ

(C) કંકાવટી

(D) કૃતિ

7. જૂની પશ્ચિમી - રાજસ્થાની માટે 'મારુ ગુર્જર' શબ્દ પ્રયોગ કોણે કર્યો છે?

(A) ઉમાશંકર જોશી

(B) કે. કા. શાસ્ત્રી

(C) પ્રબોધ પંડિત

(D) હરિવલ્લભ ભાયાણી

8. કયું પુસ્તક નિબંધ સ્વરૂપનું નથી?

(A) ઉઘાડી બારી

(B) સૌન્દર્યની નદી નર્મદા

(C) ચીલિકા

(D) તથાપિ

9. 'એક કિલ્લાને તોડી પડાતો જોઈને' સોનેટમાળાના કવિ કોણ છે?

(A) રાજેન્દ્ર શાહ

(B) નિરંજન ભગત

(C) સુન્દરમ્

(D) ઉશનસ્

10. 'ઝાકળભીના ઝાડ કનેથી વળાંક લઈને સવારનો નીકળતો તડકો કૂદે પ્હાડના પ્હાડ' - પંક્તિના કવિનું નામ દર્શાવો?

(A) રમેશ પારેખ

(B) અનિલ જોશી

(C) માધવ રામાનુજ

(D) વિનોદ જોશી

11. ગુજરાતીમાં નરસિંહ મહેતા એવાર્ડ કેવા પ્રકારના સાહિત્ય માટે અપાય છે?

(A) કાવ્ય સાહિત્ય

(B) આધ્યાત્મિક સાહિત્ય

(C) ગદ્ય સાહિત્ય

(D) સંત સાહિત્ય

12. 'મરીઝ' ઉપનામ ધરાવતા કવિનું નામ શું છે?

(A) અબ્બાસ અબ્દુલ અલી વાસી

(B) આદમ ઘોડીવાલા

(C) અબ્દુલગની અબ્દુલ કરીમ

(D) ઈમામુદ્દીન બાબી

13. જૂની રંગભૂમિના નાટક 'સૌભાગ્ય સુંદરી' ના લેખક કોણ છે?

(A) મણિલાલ 'પાગલ'

(B) પ્રભુલાલ દ્વિવેદી

(C) મૂળશંકર મૂલાણી

(D) રઘુનાથ બ્રહ્મભટ્ટ

14. 'આટલાં વરસે હવે મારે જીવતર પર થીંગડું નથી દેવું' - આ ઉક્તિ કોણ બોલે છે?

(A) કુમુદ

(B) જીવી

(C) રોહિણી

(D) ખેમી

15. ભાષાવિજ્ઞાન ક્ષેત્રે 'ઉત્સર્ગ માળા' તૈયાર કરનાર વિદ્વાનનું નામ જણાવો?

(A) કે.કા. શાસ્ત્રી

(B) વ્રજલાલ શાસ્ત્રી

(C) નરસિંહરાવ

(D) કે.બી. વ્યાસ

16. **માહિતી (અ) :** 'ટપટપ' શબ્દ રવાનુકારી છે, દ્વિરુક્ત નથી.

**માહિતી (બ) :** 'ટપટપ' શબ્દ રવાનુકારી નથી, દ્વિરુક્ત છે.

(A) (બ) સાચું છે અને (અ) ખોટું છે.

(B) (અ) અને (બ) બન્ને સાચાં છે.

(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.

(D) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

17. **માહિતી (અ) :** હરિગીતમાં અઠ્ઠાવીસ માત્રાઓ હોય છે.

**માહિતી (બ) :** સવૈયામાં છત્રીસ માત્રાઓ હોય છે.

(A) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(B) (અ) ખોટું છે અને (બ) સાચું છે.
(C) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(D) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

18. **માહિતી (અ) :** ધીરુબહેન પટેલ નવલકથાકાર અને નાટ્યકાર છે.

**માહિતી (બ) :** ધીરુબહેન પટેલ વાર્તાકાર અને અનુવાદક છે.

(A) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(B) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(C) (અ) ખોટું છે અને (બ) સાચું છે.
(D) (અ) અને (બ) બન્ને સાચાં છે.

19. **માહિતી (અ) :** 'ફૂલનો બીજો કદી કો' ડાળને હોતો નથી પંક્તિના કવિ મનોજ ખંડેરિયા છે.

**માહિતી (બ) :** 'ફૂલો એ બીજું કંઈ નથી પગલાં વસંતનાં' પંક્તિના કવિ પ્રિયકાન્ત મણિયાર છે.

(A) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(B) (અ) ખોટું છે અને (બ) સાચું છે.
(C) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(D) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

20. કાલાનુક્રમે સર્વથા સુસંગત જૂથ ક્યું છે?

(A) મારી બારીએથી - મનોમેળ તે મૈત્રી - ઉઘાડી બારી - વૃક્ષાલોક
(B) નામરૂપ - સ્ટેચ્યૂ - ગાતાં ઝરણાં - આટાનો સૂરજ
(C) વૈશાખી કોયલ - ડીમ લાઈટ - સોયનું નાકું - વૃક્ષ
(D) આંગળિયાત - ઊર્ધ્વમૂલ - ચિહ્ન - આપણો ઘડીક સંગ

21. કાલાનુક્રમે સર્વથા સુસંગત જૂથ કયું છે?

(A) હરિશ્ચન્દ્ર ભટ્ટ - મનસુખલાલ ઝવેરી - કરસનદાસ માણેક

(B) જયંત ખત્રી - કિશનસિંહ ચાવડા - ચુનીલાલ મડિયા

(C) 'પતીલ' - પ્રજારામ - પૂજાલાલ

(D) જ્યોતીન્દ્ર દવે - ગુલાબદાસ બ્રોકર - ચં.ચી. મહેતા

22. કાલાનુક્રમે સર્વથા વિસંગત જૂથ કયું છે?

(A) બોટાદકર - ખબરદાર - કાલેલકર

(B) મહીપતરામ - હરગોવિંદદાસ - મ.ન. દ્વિવેદી

(C) ગોવર્ધનરામ - નરસિંહરાવ  આનંદશંકર

(D) દ્વિરેફ - મેઘાણી - ર. છો. પરીખ

23. સર્વથા સુસંગત જૂથ કયું છે?

(A) રાજેન્દ્ર શાહ : સૌન્દર્યરાગી અને 'આયુષ્યના અવશેષે'

(B) નિરંજન ભગત : આધુનિકોત્તર અને 'છંદોલય'

(C) મકરંદ દવે : મસ્તરંગી અને 'રામસાગર'

(D) પ્રિયકાન્ત મણિયાર : પ્રશિષ્ટતાવાદી અને 'પ્રતીક'

24. સર્વથા વિસંગત જૂથ ક્યું છે?

(A) પંડિત યુગ : વિચાર પ્રધાન અને સંસ્કૃતિચિંતન

(B) ગાંધી યુગ : વાસ્તવબોધ અને નિરાડંબરતા

(C) આધુનિક યુગ : પરંપરાવિદ્રોહ અને પ્રતીકાત્મકતા

(D) અનુઆધુનિક યુગ : મૂળગામિતા અને સંદર્ભરહિતતા

25. રણછોડભાઈ ઉદયરામને કઈ બે વિગતો લાગુ પડે છે?

(i) નાટક

(ii) નડિયાદ

(iii) મહુધા

(iv) નવલિકા

(A) (ii) અને (iv)

(B) (i) અને (iv)

(C) (ii) અને (iii)

(D) (i) અને (iii)

26. ક્યા બે વિદ્વાનો લોકસાહિત્ય સાથે જોડાયેલા છે?

(i) સ્ટિમ થોમસન

(ii) ગ્રીઅર્સન

(iii) ભીખુદાન ગઢવી

(iv) ભગવાનદાસ પટેલ

(A) (ii) અને (iii)

(B) (i) અને (iv)

(C) (iii) અને (iv)

(D) (i) અને (ii)

27. નીચેનામાંથી કઈ બે વિગતો લોન્જાઈનસને લાગુ પડે છે?

(i) અંતઃક્ષોભ

(ii) ઉદાત્તતા

(iii) અલંકારવિધાન

(iv) અંતઃસ્ફુરણ

(A) (i) અને (ii)

(B) (ii) અને (iv)

(C) (ii) અને (iii)

(D) (iii) અને (iv)

28. ક્યું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) વક્રોક્તિવિચાર - રસવિચાર - ઔચિત્યવિચાર - ધ્વનિવિચાર

(B) રસવિચાર - ધ્વનિવિચાર - ઔચિત્યવિચાર - વક્રોક્તિવિચાર

(C) રસવિચાર - વક્રોક્તિવિચાર - ધ્વનિવિચાર - ઔચિત્યવિચાર

(D) ઔચિત્યવિચાર - રસવિચાર - વક્રોક્તિવિચાર - ધ્વનિવિચાર

29. ક્યું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) નવલરામ - નરસિંહરાવ - નગીનદાસ - નલિન રાવળ

(B) નરસિંહરાવ - નવલરામ - નલિન રાવળ - નગીનદાસ

(C) નગીનદાસ - નરસિંહરાવ - નવલરામ - નલિન રાવળ

(D) નવલરામ - નગીનદાસ - નરસિંહરાવ - નલિન રાવળ

30. ક્યું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) મૃચ્છકટિકમ્ - માલવિકાગ્નિમિત્રમ્ - માલતીમાધવ - ગીત ગોવિંદ

(B) માલતીમાધવ - મૃચ્છકટિકમ્ - ગીત ગોવિંદ - માલવિકાગ્નિમિત્રમ્

(C) ગીત ગોવિંદ - માલતીમાધવ - માલવિકાગ્નિમિત્રમ્ - મૃચ્છકટિકમ્

(D) મૃચ્છકટિકમ્ - ગીત ગોવિંદ - માલતીમાધવ - માલવિકાગ્નિમિત્રમ્

31. ક્યું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) અશબ્દરાત્રિ - સ્પંદ અને છંદ - ગઝલસંહિતા - શૂળી ઉપર સેજ

(B) સ્પંદ અને છંદ - શૂળી ઉપર સેજ - અશબ્દરાત્રિ - ગઝલસંહિતા

(C) શૂળી ઉપર સેજ - સ્પંદ અને છંદ - ગઝલસંહિતા - અશબ્દરાત્રિ

(D) સ્પંદ અને છંદ - અશબ્દરાત્રિ - શૂળી ઉપર સેજ - ગઝલસંહિતા

32. ક્યું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?

(A) પાટણની પ્રભુતા- ગુજરાતનો નાથ - રાજાધિરાજ - ભગવાન પરશુરામ

(B) કાવ્યદોહન- બાળલગ્ન બત્રીસી - અધ્યાત્મજીવન - કવીશ્વર દલપતરામ

(C) લક્ષ્મીનાટક - વીરમતી - કાન્તા -જયાજયન્ત

(D) ઝંઝા - નમેલી સાંજ - શાંત કોલાહલ - મંગલ પ્રભાત

33. ક્યું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?

(A) મનોજ ખંડેરિયા - વિનોદ જોશી - હર્ષદ ત્રિવેદી - મનીષા જોશી

(B) હરિકૃષ્ણ પાઠક - જ્યોતિષ જાની - જગદીશ જોષી - રાધેશ્યામ શર્મા

(C) જોસેફ મેકવાન - દલપત ચૌહાણ - નીરવ પટેલ - અરવિંદ વેગડા

(D) ગુલામમોહમ્મદ શેખ - રાવજી પટેલ - જયદેવ શુક્લ - સંજુ વાળા

34. ક્યું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?

(A) રાસ - પદ્યવાર્તા - પદ - આખ્યાન

(B) કાફી - બારમાસા - ચરીય - પવાડું

(C) દુહા - પ્રબંધ - ગરબો - ગરબી

(D) નિબંધ - નવલકથા - નવલિકા - લઘુકથા

35. ક્યું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?

(A) વૈષ્ણવજન - મુખડાની માયા - અભિનવો આનંદ - શ્યામ રંગ સમીપે

(B) બાપાની ખીંપર - કબીરવડ - જનાવરની જાન - મધ્યરાત્રિએ કોયલ

(C) ગાયત્રી - 13-7ની લોકલ - પિતૃતર્પણ -વખાર

(D) આરોહણ - આધુનિક અરણ્ય - લઘરો - પ્રિબાંગ સુંદર

36. બન્ને યાદીઓને આધારે ખરું જોડકું જણાવો.

| | ***યાદી -I*** | | ***યાદી - II*** |
|---|---|---|---|
| (a) | ધર્મવિચાર | (i) | કલાપી |
| (b) | ભરત | (ii) | કાન્ત |
| (c) | દેવયાની | (iii) | સુન્દરમ્ |
| (d) | દક્ષિણાયન | (iv) | નર્મદ |

| | *(a)* | *(b)* | *(c)* | *(d)* |
|---|---|---|---|---|
| (A) | (i) | (ii) | (iii) | (iv) |
| (B) | (iv) | (iii) | (ii) | (i) |
| (C) | (iv) | (i) | (ii) | (iii) |
| (D) | (iii) | (ii) | (i) | (iv) |

37. બન્ને યાદીઓને આધારે ખરું જોડકું જણાવો.

| | ***યાદી - I*** | | ***યાદી - II*** |
|---|---|---|---|
| (a) | અરણ્ય રુદન | (i) | નિબંધ |
| (b) | ભૂંસાનાં ગ્રામચિત્રો | (ii) | નવલકથા |
| (c) | કામિની | (iii) | નાટક |
| (d) | પશુપતિ | (iv) | વિવેચન |

| | *(a)* | *(b)* | *(c)* | *(d)* |
|---|---|---|---|---|
| (A) | (iv) | (i) | (ii) | (iii) |
| (B) | (i) | (iv) | (iii) | (ii) |
| (C) | (ii) | (iii) | (i) | (iv) |
| (D) | (iii) | (ii) | (iv) | (i) |

38. બન્ને યાદીઓને આધારે ખરું જોડકું જણાવો.

| | *યાદી - I* | | *યાદી - II* |
|---|---|---|---|
| (a) | 1870 | (i) | ગૃહપ્રવેશ |
| (b) | 1957 | (ii) | મારી હકીકત |
| (c) | 1866 | (iii) | મિથ્યાભિમાન |
| (d) | 1913 | (iv) | રાઈનો પર્વત |

| | *(a)* | *(b)* | *(c)* | *(d)* |
|---|---|---|---|---|
| (A) | (ii) | (iii) | (iv) | (i) |
| (B) | (iii) | (i) | (ii) | (iv) |
| (C) | (i) | (ii) | (iii) | (iv) |
| (D) | (iv) | (iii) | (ii) | (i) |

39. બન્ને યાદીઓને આધારે ખરું જોડકું જણાવો.

| | *યાદી - I* | | *યાદી - II* |
|---|---|---|---|
| (a) | વીસમી સદી | (i) | વિજયરાય વૈદ્ય |
| (b) | વસંત | (ii) | હાજી અલારખા |
| (c) | કૌમુદી | (iii) | આનંદશંકર |
| (d) | પ્રસ્થાન | (iv) | રા.વિ. પાઠક |

| | *(a)* | *(b)* | *(c)* | *(d)* |
|---|---|---|---|---|
| (A) | (i) | (iv) | (iii) | (ii) |
| (B) | (iii) | (ii) | (i) | (iv) |
| (C) | (ii) | (iii) | (i) | (iv) |
| (D) | (i) | (ii) | (iii) | (iv) |

**40.** બન્ને યાદીઓને આધારે ખરું જોડકું જણાવો.

| | ***યાદી - I*** | | ***યાદી - II*** |
|---|---|---|---|
| (a) | બુદ્ધિધનનો કારભાર | (i) | ‘સરસ્વતીચંદ્ર’ ભાગ - 3 |
| (b) | ગુણસુંદરીનું કુટુંબજાળ | (ii) | ‘સરસ્વતીચંદ્ર’ ભાગ - 4 |
| (c) | રત્નનગરીનું રાજ્યતંત્ર | (iii) | ‘સરસ્વતીચંદ્ર’ ભાગ - 1 |
| (d) | સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય | (iv) | ‘સરસ્વતીચંદ્ર’ ભાગ - 2 |

| | *(a)* | *(b)* | *(c)* | *(d)* |
|---|---|---|---|---|
| (A) | (i) | (ii) | (iv) | (iii) |
| (B) | (ii) | (iv) | (iii) | (i) |
| (C) | (iv) | (iii) | (ii) | (i) |
| (D) | (iii) | (iv) | (i) | (ii) |

**41.** નીચેનામાંથી કઈ જોડણી સાચી છે?

(A) નીતી રીતિ  (B) નિતી રીતિ

(C) નિતિ રિતિ  (D) નીતિરીતિ

**42.** નીચેનામાંથી કઈ જોડણી સાચી છે?

(A) કુતુહલ  (B) કૂતૂહલ

(C) કુતૂહલ  (D) કૂતુહલ

**43.** નીચેનામાંથી ક્યો સમાસ અલુક્ તત્પુરુષ છે?

(A) રાતદિવસ  (B) વસુંધરા

(C) મહર્ષિ  (D) કલાધર

**44.** નીચેનામાંથી કઈ વિગત ક્રિયાવિશેષણવાળી છે?

(A) ઊંચે જોઈને  (B) ઊંચો માણસ

(C) ઊંચુંનીચું  (D) ઊંચી મેડી

**45.** ઉક્તિમાંના નાનામાં નાના સાર્થ એકમને શું કહેવામાં આવે છે?

(A) ધ્વનિ
(B) ધ્વનિઘટક
(C) રૂપ
(D) ઉપરૂપ

**નીચેના પરિચ્છેદને આધારે પૂછેલા પ્રશ્નોના સાચા ઉત્તરનો વિકલ્પ દર્શાવો.**

કલામાત્રનો પ્રધાન વિષય માનવ છે. યુગે યુગે કળા માનવની છબિ ઉપસાવી આપવાનું કામ કરતી આવી છે. નવલકથાકાર આ જ કામ એની વિશિષ્ટ રીતે કરતો હોય છે. નવલકથાની નિરૂપણપદ્ધતિના મુખ્ય બે વિભાગો પાડીએ તો એકમાં ઘટનાઓનું પ્રાબલ્ય વર્તાય છે. અદ્ભુતનો પુટ આપેલો શૃંગાર, વીર-આ એના મુખ્ય રસ. આથી એમાં પ્રેમ અને શૌર્ય મુખ્ય ભાગ ભજવે છે; ભાગ્યની ચડતીપડતી કાર્યવેગના સંઘાત-પ્રતિઘાતના તુમુલ આવર્તો ઉપજાવે છે. એનો તરસ્વી વેગ પાત્રના આગવાં વ્યક્તિત્વને ઝાઝાં સ્ફુટ કરવાનેય થંભતો નથી, શી ઘટના બને છે એના કરતાં ઘટના કેવી રીતે બને છે એ તરફ એમા આપણું ધ્યાન ખેંચાતું હોય છે. ઉદ્દામ આવેગોના વમળમાં આપણે મકરી ખાતા નથી. એમાં આપણે દૃષ્ટિને સ્થિર રાખીને ચારે દિશાને જોવા મથીએ છીએ; રેખા સાથે રેખાને ગોઠવીને આખું ચિત્ર ઉપસાવવા પ્રેરાઇએ છીએ. આથી એમાં પાત્ર અને એનાં કાર્ય અસાધારણ હોય એવી અપેક્ષા રહેતી નથી. સાધારણ લાગતી સામગ્રીમાંથી સંવિધાનને પ્રતાપે અસાધારણનો સાક્ષાત્કાર થઇ શકે છે, પાત્રો અને ઘટનાઓ પોતે આકર્ષક હોતાં નથી, સર્જકે યોજેલાં સંવિધાનમાં એમને નવું મૂલ્ય પ્રાપ્ત થાય છે. આ નવું મૂલ્ય જ રસાસ્વાદનું કારણ બની રહે છે. કેટલીક ઘટનાઓ જ એવી હોય છે કે જેને વર્ણવવા માટે વિશિષ્ટ પ્રકારની ભાષા કે એવી કશી યુક્તિની આવશ્યકતા જ વર્તાતી નથી. એવી કૃતિઓ પરત્વે ‘ભાષાને શું વળગે ભૂર’ એમ કહી શકાય, પણ આ કૃતિઓ સાહિત્યિક રચનાઓ બની રહેતી નથી. આવી કૃતિઓમાં ઘટનાઓનો મેદ જ પુષ્ટતાની ભ્રાંતિ ઊભી કરે છે. છાપું વાંચવાથી થતો ‘આનંદ’ તે રસાસ્વાદનો આનંદ નથી હોતો.

- સુરેશ જોશી

**46.** નીચેનામાંથી ક્યું વિધાન સાચું છે?

(A) ઘટનાઓનો મેદ ધરાવતી રચનાઓ સાહિત્યિક આનંદ પૂરો પાડે છે.
(B) ઘટનાઓનો મેદ ધરાવતી રચનાઓ અત્યંત કલાત્મક હોય છે.
(C) ઘટનાઓનો મેદ ધરાવતી રચનાઓમાં ભાષાની કોઇ વિશિષ્ટ પ્રયુક્તિ યોજવાની હોતી નથી.
(D) ઘટનાઓનો મેદ ધરાવતી રચનાઓથી ભાવકનું ચિત્ત સભર બને છે.

**47.** લોકપ્રિય નવલકથામાં ક્યાં બે તત્ત્વો નિમિત્ત છે?

(A) શૈલી અને સ્વરૂપ
(B) પ્રણય અને પરાક્રમ
(C) આકૃતિ અને અંતસ્તત્ત્વ
(D) વસ્તુ અને ભાષા

**48.** રસા સ્વાદનું મુખ્ય કારણ કયું છે?

(A) ઘટનાઓની ભરમાર
(B) આકર્ષક પાત્રો
(C) છટાદાર સંવાદો
(D) સંવિધાન

**49.** પરિચ્છેદમાં મુખ્ય ભાર કયા તત્ત્વ પર છે?

(A) કળા અને માનવનો સંબંધ
(B) ઘટનાપ્રાચુર્ય
(C) ભાષારચના
(D) સંવિધાન

**50.** પ્રસ્તુત પરિચ્છેદનું સ્વરૂપ કેવું છે?

(A) હેવાલાત્મક
(B) પ્રબોધક
(C) સમીક્ષાત્મક
(D) ચિંતનાત્મક

- o O o -

**Space For Rough Work**